### ધમધોખતા તાપમાં વિદ્યાર્થીઓનો કલેક્ટર કચેરીએ હલ્લો, એસપી સહિતનો કાફલો દોડ્યો

## છોટાઉદેપુરમાં ગાયત્રી નર્સિંગ કોલેજનો વિવાદ વકર્યો

**વધારાની** ફી અને આડેધડ દંડ વસૂલાતનો વિદ્યાર્થીઓનો આક્ષેપ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.26

છોટાઉદેપુરની ગાયત્રી કોલેજ ઓફ નર્સિંગ માં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલો આંતરિક વિવાદ હવે ભારે ઉગ્ર બન્યો છે. કોલેજ તંત્રની કનડગતથી પરેશાન થયેલા સેંકડો વિદ્યાર્થીઓ આજે ધમધોખતા તાપ અને કાળઝાળ ગરમીની પરવા કર્યા વગર ન્યાયની માંગ સાથે સીધા કલેક્ટર કચેરીએ ધસી ગયા હતા. વિદ્યાર્થીઓએ કલેક્ટર કચેરી પરિસરમાં ભારે હલ્લો મચાવતા અને સૂત્રોચ્ચાર કરતા કચેરીની સુરક્ષા વ્યવસ્થા દોડતી થઈ ગઈ હતી. મામલો વધુ બિચકતાં જિલ્લા પોલીસ વડા (SP) સહિતનો મોટો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

કલેક્ટર કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચેલા નર્સિંગના વિદ્યાર્થીઓએ કોલેજના સંચાલકો સામે ગંભીર આક્ષેપોની ઝડી વર્ષાવી હતી. વિદ્યાર્થીઓનો સીધો આક્ષેપ છે કે, કોલેજના પ્રિન્સિપાલ અને એડમિનિસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીઓ સાથે સતત દાદાગિરી અને જોહુકમી કરવામાં આવી રહી છે. પોતાની કાયદેસરની માંગણીઓ રજૂ કરનાર વિદ્યાર્થીઓને ધમકાવવામાં આવે છે અને માનસિક રીતે ત્રાસ આપવામાં આવી રહ્યો છે.



કોલેજ દ્વારા નિયમ વિરુદ્ધ જઈને વિદ્યાર્થીઓ પાસેથી વધારાની ફી અને આડેધડ પેનલ્ટી (દંડ) વસૂલવામાં આવી રહી છે. મોટી ફી લેવા છતાં કોલેજમાં પૂરતું અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવતું નથી. હોસ્ટેલ અને કોલેજ કેમ્પસમાં પીવાના શુદ્ધ પાણી તેમજ પૌષ્ટિક ભોજનની ભારે અગવડતા છે. વાલીઓની બેઠક અગાઉ વિદ્યાર્થીઓ પર કડક દબાણ અને અટકાયતનો આક્ષેપઆ સમગ્ર વિવાદના ઉકેલ માટે કોલેજના પ્રિન્સિપાલ અને એડમિન દ્વારા આવતીકાલે વાલીઓ સાથે એક મહત્વની ચર્ચા બેઠક બોલાવવામાં આવી છે. જોકે, આ બેઠક પહેલાં જ નવો ફાટો પડ્યો છે. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે, વાલીઓ સામે પોતાની પોલ ન ખુલે તે માટે કોલેજ પ્રશાસન દ્વારા આજે જ વિદ્યાર્થીઓને હાજર રહેવા માટે કડક દબાણ કરવામાં આવ્યું હતું. આ દબાણના કારણે વિદ્યાર્થીઓમાં ભારે રોષ ભરાયો હતો. વિદ્યાર્થીઓએ વધુમાં ચોંકાવનારો આક્ષેપ કર્યો છે કે, કેટલાક વિદ્યાર્થીઓને વિરોધ કરતા અટકાવવા માટે જબરદસ્તીથી કોલેજની અંદર જ બેસાડી રાખવામાં (બંધક જેવા) આવ્યા હતા. આ વાત બહાર આવતા જ અન્ય વિદ્યાર્થીઓનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો અને તેઓ ન્યાય માટે કલેક્ટર કચેરી તરફ વળ્યા હતા. સ્થાનિક સૂત્રો અને ચર્ચાઓ મુજબ, ગાયત્રી નર્સિંગ કોલેજ સંસ્થાની અંદર અંદરોઅંદર ચાલી રહેલા કોઈ મોટા આંતરિક વિવાદ અથવા વહીવટી ખટપટના કારણે આ આખો મામલો આટલી હદે વકર્યો હોવાની આશંકાઓ સેવાઈ રહી છે.

### AAP અને આદિવાસી સમાજે ચુકાદા સામે વ્યક્ત કર્યો રોષ

## ચૈતર વસાવાને સજાના ચુકાદા સામે છોટાઉદેપુરના કવાંટમાં જનાક્રોશ

**નર્મદા,** ભરૂચ, તાપી સહિત આદિવાસી વિસ્તારોમાં અસંતોષ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.26

ડેડીયાપાડાના લોકપ્રિય ધારાસભ્ય અને આદિવાસી નેતા ચૈતર વસાવાને અદાલત દ્વારા ૭ વર્ષની સજા ફટકારવામાં આવતા જ સમગ્ર આદિવાસી પટ્ટાના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. અદાલતના આ નિર્ણય સામે આમ આદમી પાર્ટી (AAP) અને સ્થાનિક સમર્થકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચુકાદાના વિરોધમાં આજે છોટાઉદેપુર જિલ્લાના કવાંટ ખાતે આમ આદમી પાર્ટી અને આદિવાસી સમાજના સમર્થકો દ્વારા એક વિશાળ વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા.



આ જનઆક્રોશ રેલીની શરૂઆત કવાંટના નસવાડી રોડ પરથી થઈ હતી. રેલીમાં જોડાયેલા સેંકડો કાર્યકરો અને સમર્થકો હાથમાં પ્લેકાર્ડ અને બેનરો સાથે જોડાયા હતા. આ રેલી બાબા સાહેબ આંબેડકર સર્કલ થઈને બિરસા મુંડા સર્કલ સુધી પહોંચી હતી. રેલી દરમિયાન સમગ્ર કવાંટ પંથક 'ચૈતર વસાવા તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ હૈ' અને સરકાર વિરોધી સૂત્રોચ્ચારોથી ગાજી ઉઠ્યો હતો. આદિવાસી લોકનેતાને અન્યાય થઈ રહ્યો હોવાના આક્ષેપ સાથે કાર્યકરોએ પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

વિરોધ પ્રદર્શન દરમિયાન આમ આદમી પાર્ટીના સ્થાનિક અને જિલ્લા કક્ષાના આગેવાનોએ જણાવ્યું હતું કે, ચૈતર વસાવા આદિવાસીઓ અને ગરીબોના હક માટે લડતા આવ્યા છે, તેથી તેમને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. આગેવાનોએ સ્પષ્ટ કર્યું હતું કે તેઓ ન્યાયતંત્રનો આદર કરે છે, પરંતુ આ ચુકાદા સામે તેઓ કાનૂની લડત ચાલુ રાખશે.

### વીજ પોલ નજીક ઉભેલી મહિલાને ગંભીર ઈજા, ૧૦૮ મારફતે સારવાર માટે ખસેડાઈ

## સાધલીમાં હિટાચી વીજ વાયર સાથે અથડાતાં વીજ પોલ ધરાશાયી

(પ્રતિનિધિ) શિનોર, તા.26

શિનોર તાલુકાના સાધલી મદીના મસ્જિદ સામેની પાળની અંદર હિટાચી મશીન દ્વારા હાથ ધરવામાં આવેલ કામગીરી દરમિયાન હિટાચી મશીન વીજ વાયર સાથે અથડાતા મસ્જિદ આગળ આવેલ વીજ પોલ તૂટી જઈ મુખ્ય માર્ગ પર ધરાશાયી થયો હતો. ઘટનાના સમયે પોલની નજીક ઉભેલી એક મહિલાને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવી.

સાધલી ગામ ખાતે તળાવના બ્યુટીફિકેશનનું કામ ચાલી રહ્યું છે. આ દરમિયાન મદીના મસ્જિદ સામેની પાળની અંદર હિટાચી મશીન દ્વારા ખોદકામ



કરવામાં આવી રહ્યું હતું. ખોદકામ દરમિયાન હિટાચી મશીન વીજ વાયર સાથે અથડાતા મસ્જિદ આગળ આવેલ વીજ પોલ તૂટી જઈ મુખ્ય માર્ગ પર ધરાશાયી થયો હતો. ઘટનાના સમયે પોલની નજીક ઉભેલી એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે ફોફળિયા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે ખસેડવામાં આવી હતી. ઉપરાંત વીજપોલ નીચે ઉભેલી બાઈકને પણ નુકસાન થયું હતું. સ્થાનિકોના જણાવ્યા મુજબ હિટાચી મશીન ચાલકની બેદરકારીના કારણે વીજ પોલ તૂટી પડ્યો હતો અને જીવતા વીજ વાયરો પંચાયત જવાના મુખ્ય માર્ગ પર ફેલાઈ ગયા હતા.

## સાધલીમાં મોહરમ પર્વ નિમિત્તે ઠંડા સરબતનો સેવા કેમ્પ યોજાયો

**આકરા** ઉનાળામાં સેવાના કાર્યને લોકોએ આવકાર્યો

(પ્રતિનિધિ) શિનોર, તા.26

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામે પવિત્ર મોહરમ પર્વ નિમિત્તે એડવોકેટ જાવેદ લુહાર અને ડૉક્ટર ઈમરાન લુહારના સહયોગથી ઠંડા સરબતના સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાધલીથી ઉત્તરાજ તેમજ સાધલીથી અવાખલ જવાના મુખ્ય માર્ગ પરથી પસાર થતા રાહદારીઓ, વાહનચાલકો અને સ્થાનિક લોકોને ઠંડા સરબતનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. ઉનાળાની આકરા ગરમી વચ્ચે યોજાયેલી આ સેવાકીય પ્રવૃત્તિએ માનવસેવા અને પરોપકારની



ભાવનાને ઉજાગર કરી હતી. મોટી સંખ્યામાં લોકોએ સરબતનો લાભ લીધો હતો. સ્થાનિક લોકોએ આયોજકોની આ સેવાભાવી પહેલને આવકારી તેમના કાર્યની પ્રશંસા કરી હતી. મોહરમ પર્વ નિમિત્તે યોજાયેલા આ સેવા કાર્ય દ્વારા કોમી એકતા, ભાઈચારો, પરસ્પર સૌહાર્દ અને માનવતાનો સુંદર સંદેશ સમાજ સુધી પહોંચ્યો હતો. ધાર્મિક પર્વને સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડવાના આ પ્રયાસને લોકોએ પ્રેરણાદાયી ગણાવ્યો હતો.

### સ્વ. પ્રેમીલાબેન અજમેરાની પુણ્યતિથિએ સેવાકીય પહેલ

## અજમેરાપરિવાર-ચારભૂજા ટ્રસ્ટે ૧૦હજાર આદિવાસી વિદ્યાર્થીઓને પગરખાં આપ્યાં

**સાંસદ** જશુભાઈ રાઠવા, જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા અને ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવાની ગરિમામય ઉપસ્થિતિ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.26

માનવ સેવા એ જ પ્રભુ સેવાના સૂત્રને સાર્થક કરતા છોટાઉદેપુર પંથકના જાણીતા અજમેરા પરિવાર અને ચારભૂજા સેવા ટ્રસ્ટ દ્વારા એક પ્રેરણાદાયી સેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વ. પ્રેમીલાબેન રામપ્રસાદજી અજમેરાની પુણ્યતિથિ નિમિત્તે પંથકના અંદાજે ૧૦,૦૦૦ જેટલા



ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓને પગરખાં (બૂટ-ચંપલ) વિતરણ કરવાનો સંકલ્પ અજમેરા પરિવારે લીધો હતો. આ સંકલ્પને પૂર્ણ કરવા માટે ગત ૨૫ જૂનના રોજ છોટાઉદેપુરની ગુરુકૃપા સોસાયટી સ્થિત સાંવરિયા પાર્ક ખાતે એક વિશેષ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.આ ભગીરથ કાર્યના વિતરણ પ્રસંગે વિસ્તારના લોકપ્રિય લોકસભા સાંસદ જશુભાઈ રાઠવા, જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ ઉમેશભાઈ રાઠવા સહિતના રાજકીય અને સામાજિક અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો અને અજમેરા પરિવારના સભ્યોના હસ્તે આ વિતરણ કરવામાં આવ્યું હતું

છોટાઉદેપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ ના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ પગરખાં વિના શાળાએ ન જાય તે હેતુથી આ આયોજન કરાયું હતું. પ્રોજેક્ટને પારદર્શી અને સચોટ બનાવવા માટે તાલુકાની વિવિધ શાળાઓના શિક્ષકો પાસેથી વિદ્યાર્થીઓની સંખ્યા અને માપની વિગતવાર યાદી મંગાવવામાં આવી હતી.

## નારેશ્વર ધામમાં પૂ. માજીની ૫૯મી પુણ્યતિથિ ભક્તિભાવપૂર્વક ઉજવાઈ

(પ્રતિનિધિ) કરજણ, તા.26

કરજણ તાલુકાના તીર્થધામ નારેશ્વર ખાતે જેઠ સુદ, અગિયારસ પૂ.માજીની 59મી પુણ્યતિથિ નિમિત્તે શ્રી માતૃશૈલ આમ્રરસની અભિષેક પૂજા ટ્રસ્ટીઓ અને ભક્તો દ્વારા કરવામાં આવી. કરજણ તાલુકા માંથી પસાર થતી હિંદુ સંસ્કૃતિ અને સનાતન ધર્મ ની પવિત્ર નદી કે જેના દર્શન કરવાથી પણ પુણ્ય મળે તેવી માં નર્મદા કિનારે આવેલ ભગવાન શ્રી દત્તાત્રેય નીઆ અવતરી એવા શ્રી રંગ અવધૂતજી ની કર્મભૂમિ નારેશ્વર ખાતે જેઠ સુદ અગિયારસ પૂજ્ય રુક્મબા ની ૫૯ ની પુણ્ય તિથિ નિમિતે આશ્રમ માં સ્થાપિત આમ્સ ની પૂજા કરવામાં આવી હતી. શ્રી રંગ અવધૂત મહારાજ મૂળે મહારાષ્ટ્ર માં મરાઠી બ્રાહ્મણ



હોવાને નાતે તેમની માતાજી ની ૫૯ મી ની પુણ્ય તિથિ નિમિતે નારેશ્વર ખાતે ગરીબો ને પુણ્ય દાન પણ કરવામાં આવે છે.તદ્ઉપરાંત આખો દિવસ દરમ્યાન ભજન સંધ્યા દત્ત બાવની ના પાઠ અને પાદુકા પૂજન જેવા ધાર્મિક કાર્યક્રમો નું આયોજન કરવામાં આવે છે.આ દિવસે મહારાષ્ટ્ર થી ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. મહારાષ્ટ્ર માં આ દિવસ ને શ્રાધ પક્ષ ગણવામાં આવે છે.

## નવાપુરા (મહુવડ) પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

પાદરા : પાદરા તાલુકાના નવાપુરા (મહુવડ) પ્રાથમિક શાળામાં નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત નિમિત્તે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પાદરા તાલુકા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ પઢીયાર ના હસ્તે બાલવાડી અને ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું તિલક કરી અને શુભેચ્છાઓ પાઠવી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વર્ષે શાળાની બાલવાડીમાં કુલ ૨૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે, જેમાં ૧૪ છોકરાઓ અને ૯ છોકરીઓનો સમાવેશ થાય છે. જ્યારે ધોરણ-૧માં કુલ ૧૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે, જેમાં ૪ છોકરાઓ અને ૮ છોકરીઓનો સમાવેશ થાય છે.

## ડભોઈમાં મોહરમ પર્વે હોસ્પિટલોના દર્દીઓને ફ્રૂટનું વિતરણ કરાયુ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.26

મોહરમ પર્વ નિમિત્તે સામાજીક ઉત્થાન ના સેવાભાવી કાર્યો કરતી મોહસીન એ આઝમ મિશન સંસ્થા ની ડભોઈ બ્રાંચ ધ્વારા રેફરલ હોસ્પિટલ તેમજ પ્રમુખ સ્વામી હોસ્પિટલ મા દાખલ દર્દીઓ ને ફ્રુટ ની વિતરણ કરી માનવતા મહેકાવી હતી.

ડભોઇ મોહસિન એ આઝમ મિશન સંસ્થાના પ્રમુખ મૌલાના ગુલામનબી અશરફી, ઉપપ્રમુખ હાજી ઐયુબભાઈ ઘાંચી, સંસ્થા ના ગુજરાત પ્રદેશ મહામંત્રી મુનીર ભાઈ વ્હોરા ના માર્ગદર્શન હેઠળ મહોરમ પર્વ નિમિત્તે મિશન ના હોદ્દેદારો કાર્યકરોએ ડભોઈ સરકારી દવાખાના, પ્રમુખ સ્વામી હોસ્પિટલ, યુનિટી હોસ્પિટલ, આયુષ



આયુષી હોસ્પિટલ, આરના હોસ્પિટલ,દેવ હોસ્પિટલ, ઉમાં હોસ્પિટલ, શ્રીહરિ હોસ્પિટલ, દેવ હોસ્પિટલ, ધ્રુવિલ હોસ્પિટલ, માં હોસ્પિટલ ખાતે દાખલ દર્દીઓ ને જુદીજુદી જાતના ફ્રુટ ની બનાવેલ 90 કિટોનુ વિતરણ કરી માનવતા મહેકાવી હતી. માનવસેવાના કાર્યો કરતી મુસ્લીમ સંસ્થા મોહસિન એ આઝમ મિશન ધ્વારા ગરીબો, જરુરીયાતમંદ, વિધવાઓને અનાજ કીટનુ વિતરણ કરવામાં આવે છે.

## ગોધરાના પ્રેમ પ્રકાશ આશ્રમે ત્રિવેણી સંતોનો બરસી મહોત્સવ યોજાશે

ગોધરા : ગોધરા શહેરના પવિત્ર ધાર્મિક સ્થાન એવા પ્રેમ પ્રકાશ આશ્રમ, ગોધરા ખાતે આજે શનિવાર ના રોજ પરમ પૂજ્ય સંત શિરોમણિ સતગુરુ સ્વામી અશોકપ્રકાશજી મહારાજ, સ્વામી રાજપ્રકાશજી મહારાજ તથા સ્વામી કિશોરપ્રકાશજી મહારાજના પાવન બરસી મહોત્સવ નિમિત્તે ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પવિત્ર અવસરે પ્રેમ પ્રકાશ આશ્રમ પરિવાર દ્વારા સંતોના દિવ્ય જીવનચરિત્ર, ઉપદેશો અને માનવસેવાના સંદેશને યાદ કરી વિવિધ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમો યોજવામાં આવશે. વહેલી સવારથી આશ્રમ ખાતે ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રદ્ધાળુઓ માટે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

## વણછરા વિદ્યામંદિરમાં પ્રવેશોત્સવ મહોત્સવ યોજાયો

(પ્રતિનિધિ) પાદરા, તા.26

વણછરા વિદ્યામંદિર ખાતે નવા શૈક્ષણિક વર્ષની શરૂઆત નિમિત્તે 'પ્રગતિનો પ્રવેશોત્સવ' તથા 'કન્યા કેળવણી મહોત્સવ'ની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નવપ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનું તિલક કરી અને શૈક્ષણિક સામગ્રી અર્પણ કરી ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વડોદરા જિલ્લા પંચાયતના ચાઈલ્ડ પ્રોટેક્શન અધિકારી હર્ષદભાઈ ટી. સોલંકી, પ્રોજેક્ટ કોર્ડિનેટર હેતલબેન ચૌહાણ અને સી.આર.સી. સંજયભાઈ પઢીયાર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત વણછરા જૂથ કેળવણી મંડળના મંત્રી મહેશભાઈ કે. જાદવ, કારોબારી સભ્ય ફતેસિંહભાઈ, ગ્રામ પંચાયતના સરપંચ નિલેશભાઈ, તાલુકા પંચાયત સભ્ય અજીતભાઈ, વાલીમિત્રો અને સમગ્ર શાળા પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

કાર્યક્રમની શરૂઆત મહાનુભાવોના સ્વાગત, પ્રાર્થના અને સ્વાગત ગીતથી કરવામાં આવી હતી. શાળાના આચાર્ય સતીશભાઈ નાઈએ પોતાના આવકાર પ્રવચનમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીના મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ઉપસ્થિત અધિકારીઓએ વિદ્યાર્થીઓ અને વાલીઓને શિક્ષણના મહત્વ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## વડોદરા-છોટાઉદેપુરમાં મહોરમ પર્વ નિમિત્તે તાજિયા વિસર્જન

### છોટાઉદેપુરમાં મોહરમના તાજીયાના જુલૂસ શ્રદ્ધા, ભાઈચારાના માહોલમાં સંપન્ન



છોટાઉદેપુર : છોટાઉદેપુર નગરમાં મોહરમ નિમિત્તે નાના-મોટા મળીને 100થી વધુ તાજીયાઓની સ્થાપના કરવામાં આવી હતી. દસમી મોહરમ (આશૂરા)ના દિવસે વિવિધ વિસ્તારોમાંથી તાજીયાના જુલૂસ શ્રદ્ધા, શિસ્ત અને શાંતિપૂર્ણ વાતાવરણમાં નીકળ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન પોલીસ તંત્ર અને સ્થાનિક આગેવાનોના સહયોગથી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહી હતી. મોહરમ ઇસ્લામી હિજરી વર્ષનો પ્રથમ મહિનો છે. આશૂરાના દિવસે કરબલાની ભૂમિ પર હઝરત ઇમામ હુસૈન (અલૈહિસ્સલામ), તેમના પરિવારજનો અને સાથીઓએ સત્ય, ન્યાય અને ઇસ્લામના મૂળ સિદ્ધાંતોની રક્ષા માટે શહાદત વહોરી હતી.

### ડભોઈમાં તાજિયા શ્રદ્ધા, શોક અને સદ્ભાવનાનું પ્રતિક શાંતિ પૂર્ણ રીતે યોજાયા



ડભોઇ : તાજિયા એ મોહરમના પવિત્ર મહિનામાં મુસ્લિમ સમુદાય દ્વારા બનાવવામાં આવતી એક કલાકૃતિ છે, જે ઇસ્લામના પયગંબર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) ના દોહિત્ર, ઇમામ હુસૈન (અ.સ.) અને તેમના 72 સાથીઓની કરબલાના મેદાનમાં શહાદતની યાદમાં બનાવવામાં આવે છે. આ એક પ્રતીકાત્મક શોકનો પ્રદર્શન છે, જે તેમની કુરબાની અને ઇસ્લામના સિદ્ધાંતો માટેના બલિદાનને યાદ કરવા માટે કરવામાં આવે છે. તાજિયા શબ્દ "તાઝિયત" પરથી આવ્યો છે, જેનો અર્થ શોક વ્યક્ત કરવો અથવા સાંત્વના આપવી થાય છે. તાજિયાનો ઇતિહાસ અને મહત્વ તાજિયા બનાવવાની પરંપરા મુઘલ કાળથી શરૂ થઇ હોવાનું મનાય છે.

### પાદરા સહિત તાલુકાના વિવિધ ગામોમાં મહોરમ પર્વ નિમિત્તે તાજિયાની સ્થાપના, શ્રદ્ધાભેર અંજલિ અપાઇ



પાદરા : પાદરા શહેર સહિત તાલુકાના વિવિધ ગામોમાં મહોરમ પર્વ નિમિત્તે મુસ્લિમ સમાજ દ્વારા પરંપરાગત રીતે તાજિયાની સ્થાપના કરવામાં આવી હતી. મહોરમ પર્વ દરમિયાન કરબલાના શહીદોની યાદમાં ઈમામ હુસૈન અને તેમના સાથીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. પાદરા શહેર તેમજ તાલુકાના અનેક ગામોમાં સ્થાપિત તાજિયાઓના દર્શન માટે સમાજના લોકો પણ જોવા મળ્યા હતા ધાર્મિક માહોલ વચ્ચે મુસ્લિમ બિરદારોએ તાજિયા સમક્ષ દુઆ કરી માનવતા, શાંતિ અને ભાઈચારાનો સંદેશ આપ્યો હતો. મહોરમ પર્વને લઈ સમગ્ર વિસ્તારમાં આસ્થા અને શ્રદ્ધાનો માહોલ જોવા મળ્યો હતો.

### સંખેડા ખાતે મહોરમ પર્વની શ્રદ્ધા અને ગમગીન સાથે ઉજવણી કરવામાં આવી



સંખેડાઃ સંખેડા નગરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા મહોર્રમ પર્વની શ્રદ્ધા, આસ્થા અને શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી કરાઈ હતી. સાંજે નવા ટાવર વિસ્તારમાં તમામ તાજીયા લાવવામાં આવ્યા હતાં. નગરમાં કલાત્મક જુલુસ કાઢવામાં આવ્યા હતાં. આ પ્રસંગે મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જુલુસમાં જોડાયા હતાં. નગરમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જુલુસ દરમિયાન પરંપરાગત માતમ અને ધાર્મિક વિધિઓ પણ સંપન્ન કરવામાં આવી હતી.